પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૪ | ૧૪ જુલાઈ, ૨૦૨૨, ગુરૂવાર; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ૧૮+ ને વિનામૂલ્યે ૧૫મીથી બૂસ્ટર ડોઝ

## આઝાદીના અમૃતકાળ પ્રસંગે સરકારે ૧૫ જુલાઈથી આગામી ૭૫ દિવસ સુધી મફતમાં ડોઝ આપવા નિર્ણય

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર સરકારે ૧૫ જુલાઈથી ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે કોરોનાનો બૂસ્ટર ડોઝ ફ્રીમાં આપવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આજે એક પ્રેસ કોન્ફ્રન્સમાં કહ્યું કે, ભારત આઝાદીની ૭૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. આઝાદીના અમૃતકાળ પ્રસંગે સરકારે ૧૫ જુલાઈ, ૨૦૨૨થી આગામી ૭૫ દિવસ સુધી ૧૮ કે તેનાથી વધુ ઉંમરના બધા લોકોને સરકારી કેન્દ્રો પર મફતમાં કોરોનાનો બૂસ્ટર ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે. અહેવાલો મુજબ, હાલમાં ૧૮થી ૫૯ વર્ષના ૭૭ કરોડ પાત્ર લોકોમાંથી એક ટકા કરતા પણ ઓછાને બૂસ્ટર ડોઝ અપાયો છે. જોકે, ૬૦ વર્ષથી વધુ ઉંમરના લગભગ ૧૬ કરોડ લોકો અને આરોગ્ય કર્મચારીઓ તેમજ પ્રથમ હરોળના કર્મીઓમાંથી લગભગ ૨૬ ટકા લોકો બૂસ્ટર ડોઝ લઈ ચૂક્યા છે. કેન્દ્ર સરકારે ગત સપ્તાહે બધા માટે કોરોનાની રસીના બીજા ડોઝ અને બૂસ્ટર ડોઝની વચ્ચેનું અંતર ૯ મહિનાથી ઘટાડી ૬ મહિના કરી દેવાયું હતું. રસીકરણ પર નેશનલ ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપની ભલામણ પછી આવું કરવામાં આવ્યું હતું.

# લંકા હવે 'રામભરોસે' : કટોકટી જાહેર

## શ્રીલંકામાં રાષ્ટ્રપતિ નાસી ગયા બાદ કટોકટી લાદવામાં આવી : શ્રીલંકાનું આર્થિક અને રાજકીય સંકટ વધારે વિકટ બની રહ્યું છે

કોલંબો, તા.૧૩

શ્રીલંકાનું આર્થિક અને રાજકીય સંકટ વધારે વિકટ બની રહ્યું છે. આ બધા વચ્ચે રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને સહપરિવાર માલદીવ ભાગી ગયા છે જેથી જનતા વધારે ઉશ્કેરાઈ છે. ગોટાબાયાએ હજુ સુધી રાજીનામુ નથી આપ્યું અને તેઓ દેશ છોડીને ભાગી ગયા છે જેથી લોકો ખૂબ જ રોષે ભરાયા છે. ઉશ્કેરાયેલા લોકોએ આજે સંસદ ભવન અને પીએમ હાઉસને ઘેરી લીધા છે અને આ પ્રકારના ઉગ્ર માહોલ વચ્ચે શ્રીલંકામાં ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે. દરમિયાન, વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ દેશની સેના અને પોલીસને પ્રદર્શનકારીઓ પર કાબુ મેળવવા તમામ પગલા લેવા આદેશ આપ્યો છે. રાજપક્ષે હાલ માલદીવમાં છે અને ત્યાંથી તેઓ સિંગાપુર જાય તેવી શક્યતા છે. ઉશ્કેરાયેલા લોકોએ અગાઉ વડાપ્રધાનના અંગત આવાસ પર કબજો જમાવીને તેને આગના હવાલે કર્યું હતું.

ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા ત્યાર બાદ શ્રીલંકાની જનતાએ સંસદ અને પીએમ હાઉસ પર આક્રમણ કર્યું છે. તેમના પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે. આ બધા વચ્ચે વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ શ્રીલંકામાં ઈમરજન્સીની જાહેરાત કરવી પડી છે. સાથે જ તોફાન કરી રહેલા લોકોની ધરપકડ કરીને તેમના વાહનો જપ્ત કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.





મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ પીએમ રાનિલ વિક્રમસિંઘેના આવાસ પર પહોંચ્યા છે અને ત્યાં મોટા પાયે સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવામાં આવી છે. સુરક્ષાદળોએ ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા હતા અને લાઠીચાર્જ પણ કર્યો હતો. સાથે જ શ્રીલંકાના પશ્ચિમી પ્રાંતમાં કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યો છે.

ગોટાબાયા રાજીનામુ આપ્યા વગર દેશ છોડીને ભાગી ગયા તેના લીધે લોકોમાં રોષ વ્યાપ્યો છે. ઉપરાંત તેઓ વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેને કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે નથી જોવા માગતા. કાયદા પ્રમાણે શ્રીલંકામાં

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીલંકામાં સરકારી ન્યૂઝ ચેનલની ઓફિસમાં પ્રદર્શનકારી ઘૂસી ગયા

### એક પ્રદર્શનકારી ત્યાં ન્યૂઝ એન્કરની જગ્યાએ આવીને બેસી ગયો અને લાઈવ આવીને બોલવા લાગ્યો હતો




કોલંબો, તા.૧૩

ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા ત્યાર બાદ શ્રીલંકાની જનતાએ સંસદ અને પીએમ હાઉસ પર આક્રમણ કર્યું છે. તેમના પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે. આ બધા વચ્ચે વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ શ્રીલંકામાં ઈમરજન્સીની જાહેરાત કરવી પડી છે. સાથે જ તોફાન કરી રહેલા લોકોની ધરપકડ કરીને તેમના વાહનો જપ્ત કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા બાદ શ્રીલંકામાં જનઆક્રોશ ચરમસીમા પર છે. આજે પીએમ આવાસ અને સંસદ ભવન ઘેર્યા બાદ હવે ઉગ્ર ભીડ સરકારી ન્યૂઝ ચેનલના ઓફિસમાં ઘુસી ગઈ હતી. એટલું જ નહીં એક પ્રદર્શનકારી ત્યાં ન્યૂઝ એક્રરની જગ્યાએ આવીને બેસી ગયો અને લાઈવ આવીને બોલવા લાગ્યો હતો. ત્યારબાદ ટીવી ચેનલનું પ્રસારણ બંધ કરવું પડ્યું હતું.

## શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાજીનામા પહેલાં દેશ છોડીને ભાગી ગયા

### શ્રીલંકામાં આર્થિક કટોકટી બાદ રાજકીય કટોકટી : લશ્કરી વિમાનમાં તેમની પત્ની અને એક અંગરક્ષક હતા, તેમણે મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઉડાન ભરી હતી

કોલંબો, તા.૧૩

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા છે. મળતી માહિતી મુજબ તેઓ બુધવારે વહેલી સવારે પોતાના દેશથી માલદીવ જવા રવાના થયા છે.

વડાપ્રધાન કાર્યાલય દ્વારા પણ આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. જણાવી દઈએ કે, ગોટાબાયા રાજપક્ષે ૧૩ જુલાઈએ પોતાના પદ પરથી રાજીનામું આપવાના હતા.



આ દરમિયાન તેઓ હવે દેશમાંથી ભાગી ગયા છે. રાષ્ટ્રપતિ તરીકે રાજપક્ષેને ધરપકડમાંથી મુક્તિ આપવામાં આવી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, કસ્ટડીમાં લેવામાં આવે તેવી સંભાવનાથી બચવા તેઓ પદ છોડ્યા પહેલા જ દેશમાંથી ભાગી ગયા છે. જો કે, ગોટબાયા રાજપક્ષેએ બુધવારે રાજીનામું આપવાનું અને સત્તાના શાંતિપૂર્ણ સંક્રમણનો માર્ગ સ્પષ્ટ કરવાનું વચન આપ્યું હતું. પરંતુ તે પહેલા જ તેઓ દેશ છોડીને ભાગી ગયા છે.

ઈમિગ્રેશન સૂત્રોએ એએફપીને જણાવ્યું હતું કે, એન્ટોનોવ-૩૨ લશ્કરી વિમાનમાં સવાર ચાર મુસાફરોમાં તે, તેમની પત્ની અને એક અંગરક્ષક હતા. જેમણે શ્રીલંકાના મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. માલદીવ એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું કે, માલદીવ પહોંચતા તેઓને પોલીસ સુરક્ષા હેઠળ અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

રાજપક્ષેના નાના ભાઈ અને પૂર્વ નાણામંત્રી બાસિલ રાજપક્ષેએ ગઈકાલે શ્રીલંકા છોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને રોક્યા હતા. દેશના સૌથી ખરાબ આર્થિક સંકટ માટે વ્યાપક રૂપથી જવાબદાર ઠેરવવામાં આવી રહેલા ૭૧ વર્ષીય બાસિલ પાજપક્ષેએ સોમવારની રાત્રે કોલંબો એરપોર્ટના વીઆઈપી ટર્મિનલના માધ્યમથી દેશ છોડવાનો પ્રયત્ન કર્યો હતો.

## ઓપો ઈન્ડિયાની ૪૩૮૯ કરોડની કસ્ટમ ચોરી પકડાઈ

### ખોટી રીતે આચરવામાં આવેલ કરચોરીમાં ઓપો ઇન્ડિયા દ્વારા ૨૯૮૧ કરોડનો ખોટો લાભ લીધો હોવાનું બહાર આવ્યું

નવી દિલ્હી, તા.૧૩

ચાઈનીઝ કંપનીઓ પર ભારતી તપાસ એજન્સીઓ દિવસે ને દિવસે વધુ ગાળિયો કસતી જઈ છે. શાઓમીની કરચોરી પકડ્યા બાદ હવે કેન્દ્રીય તપાસ એજન્સીએ ઓપોની રૂ. ૪૩૮૯ કરોડની કરચોરી ઝડપી પાડી છે.

ડિરેક્ટરી ઓફ રેવન્યુ ઈન્ટીલેજિન્સ(ડીઆરઆઈ)એ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું છે કે ચાઈનીઝ મોબાઈલ કંપનીના ભારતીય એકમ ઓપો ઈન્ડિયાની રૂ. ૪૩૮૯ કરોડની કસ્ટમ ડ્યૂટી ચોરીનો પર્દાફાશ કર્યો છે.

પીઆઈબીની અખબારી યાદી મુજબ તપાસ દરમિયાન ડીઆરઆઈ દ્વારા ઓપો ઈન્ડિયાના ઓફિસ પરિસરમાં અને તેના મુખ્ય મેનેજમેન્ટ કર્મચારીઓના રહેઠાણો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ડીઆરઆઈએ કહ્યું કે તપાસમાં ઓપો ઈન્ડિયાના ટોચના મેનેજમેન્ટ કર્મચારીઓ અને સ્થાનિક સપ્લાયર્સની પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં સ્વૈચ્છિક નિવેદનોમાં તેમણે આયાત સમયે કસ્ટમ્સ ઓથોરિટી સમક્ષ કંપનીએ કરેલ ખોટા કામો કર્યા સ્વીકાર્યું હતું.

આ ખોટા દસ્તાવેજો અને ખોટી રીતે આચરવામાં આવેલ કરચોરીમાં ઓપો ઈન્ડિયા દ્વારા રૂ. ૨૯૮૧ કરોડનો ખોટો લાભ લીધો હોવાનું બહાર આવ્યું છે.

ઓપો ઈન્ડિયા મોબાઈલ હેન્ડસેટના ઉત્પાદન, એસેમ્બલીંગ, હોલસેલ અને મોબાઈલ ફોન અને તેની એસેસરીઝના ડિસ્ટ્રીબ્યુશન કારોબાર સાથે સંકળાયેલ છે. ઓપો ઈન્ડિયા દેશમાં ઓપો, વનપ્લસ અને રિયલમી સહિત વિવિધ બ્રાન્ડ હેઠળ મોબાઈલ ફોન વેચે છે.




# હજુ ખતમ થઈ નથી મહામારી : ડબ્લ્યૂએચઓ

## આવી શકે છે કોરોનાનો નવો વેરિએન્ટ : ડબ્લ્યૂએચઓ પ્રમુખે કહ્યું કે મને ચિંતા છે કે કોરોનાના કેસ વધી રહ્યા છે : ડબ્લ્યૂએચઓના પ્રમુખ ડોક્ટરે દુનિયાને કોરોનાને લઇને સર્તક રહેવા જણાવ્યુ

નવી દિલ્હી,તા.૧૧

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યૂએચઓ)ના પ્રમુખ ડોક્ટર ટેડ્રોસ અદનોમ ઘેબિયસે આખી દુનિયાને કોરોનાને લઈને સર્તક રહેવા માટે કહ્યું છે. તેમણે મંગળવારે મહામારીને લઈને ચેતાવણી આપી છે કે કોવિડ ૧૯ ના કેસ તાજેતરની લહેરને દર્શાવે છે કે મહામારી ક્યાંય ખતમ થઈ નથી. કોવિડ ૧૯ પર એક મીડિયા બ્રીફિંગમાં ડબ્લ્યૂએચઓ પ્રમુખે કહ્યું કે મને ચિંતા છે કે કોરોનાના કેસ વધી રહ્યા છે. સ્વાસ્થ્ય સીસ્ટમ અને સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ પર અને દબાણ વધી રહ્યું છે. મહામારીથી મરનારાઓની સંખ્યા પણ વધી રહી છે. તેમણે દુનિયાની તમામ સરકારોને કહ્યું કે હાલની મહામારી વિજ્ઞાનના આધાર પર પોતાની કોવિડ ૧૯ વિરૂદ્ધ યોજનાઓની નિયમિત સમીક્ષા કરે. તેની સાથે જ તેમણે એ પણ સંભાવના વ્યક્ત કરી કે ભવિષ્યમાં કોરોનાના નવા વેરિએન્ટ પણ સામે આવી શકે છે.

કોવિડ ૧૯ પર ઈમરજન્સી સમિતિ ગત એક અઠવાડિયે થયેલી બેઠકમાં એ પણ કહેવામાં આવ્યું કે મહામારી હજુ પણ એક વૈશ્વિક હેલ્થ ઈમરજન્સી બનેલી છે. ટેડ્રોસે કહ્યું કે 'હું ચિંતિત છું કે કોવિદ ૧૯ ના કેસ વધી રહ્યા છે. વિસ્તારિત સ્વાસ્થ્ય સિસ્ટમ અને સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ પર વધુ દબાણ વધી રહ્યું છે. મોત પણ અસ્વિકાર્યરૂપથી વધુ છે. તેમણે કહ્યું કે ઓમિક્રોનના સબ વેરિએન્ટ જેમ કે બીએ૪ અને બીએ ૫ દુનિયાભરમાં કોરોનાના કેસમાં વધારાનું કારણ બની રહેશે. આ સાથે જ આ બેઠકમાં મહામારીને લઈને દેખરેખનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો. તેમાં કહેવામાં આવ્યું કે કોરોનાના વિરૂદ્ધ દેખરેખ ખૂબ ઓછી થઈ ગઈ છે. ડો. ટેડ્રોસે મહામારી વિરૂદ્ધ યોજના બનાવવા અને તેનો સામનો કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે 'કોવિડ ૧૯ ની યોજના બનાવવી, નિમોનિયા અને જાડા જેવી જીવલેણ બિમારીઓના રસીકરણ સાથે સાથે ચાલવું જોઈએ. તેમને વેક્સીનેશનને જરૂરી ગણાવતાં કહ્યું કે વેક્સીનેશને લાખો લોકોનો જીવ બચાવ્યો છે અને સરકારો માટે આ મહત્વપૂર્ણ છે કે તે વધુ જોખમવાળા લોકો પર ધ્યાન કેન્દ્રીત કરે.

કચ્છની ખારેક
ખેડૂત દ્વારા સીધું વેચાણ
ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)
કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર